**સેશન્સ કેસ નંબરઃ– ૨૧ /૨૦૨૪**

**આંક –૨૪**

| સેશન્સ કેસ નંબરઃ– ૨૧ /૨૦૨૪ | | |
|---|---|---|
| ફરીયાદપક્ષે સાહેદ નંબર | ૫ | ની જુબાની |

હું આ ઉપરથી પ્રતિજ્ઞા કરુ છુ કેઃ

| | | | | |
|---|---|---|---|---|
| મારુ નામ | જગતસિહ દેવુસિંહ જાદવ | | | |
| ધર્મ | હિન્દુ | | મોબાઈલ નંબર | – |
| ઉંમર આશરે | ૫૩ | વરસની | ધંધો | ખેતી |
| રહેવાનુ | વેળાવાપુરા તા. ડીસા | | ડીસ્ટ્રીકટ | બનાસકાંઠા |
| સોગંદ આપ્યા | | સરતપાસ | એ.પી.પી.શ્રી | વી.બી.કંસારા |

(૧) હું બાર ધોરણ પાસ છું. આજથી એક દોઢ વર્ષ પહેલા હું મારા ગામ વેળાવાપુરામાં આવેલ પાર્લર પર બેઠો હતો. ત્યારે પોલીસે અમોને પંચમાં બોલાવેલ. પોલીસે મારી એક તૈયાર કરેલ કાગળ ઉપર સહી લીધેલી. આ સહી શી બાબતની હતી તેની કોઈ સમજ મને કરેલ ન હતી. હું જબ્બરસિંહ બાબુસિંહ વાઘેલાને મારા ગામના જમાઈ હોવાથી તેઓને હું ઓળખુ છું પરંતુ તેઓ પંચનામા સમયે હાજર ન હતા. તેમણે મારી હાજરીમાં કોઈ કપડા રજુ કરેલ નથી કે હું પંચનામા વિશે જાણતો નથી કે મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલ નથી.

મને માર્ક:૧૬/૧૯વાળું આરોપીની શરીરસ્થિતી અને કપડાનું પંચનામું બતાવવામાં આવે છે, જેમાં પંચ નં.૧ તરીકે મારી સહી તરીકે મારી સહી છે,જે ઓળખી બતાવુ છું, જે રજુ દાખલ **આંક:૨૫** આપવામાં આવે છે.

મુદામાલ મારી હાજરીમાં કબજે કરેલ ન હોય જેથી હું ઓળખી શકુ નહી.

**હોસ્ટાઈલ**

**આ તબકકે વિ.એ.જી.પી.શ્રી એ સાહેદે ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોઈ, તેઓને ફરી ગયેલા જાહેર કરી, તેમની વિગતવારની ઉલટ તપાસ કરવા પરવાનગી આપવા વિનંતી કરતાં, સાહેદ ફરીયાદપક્ષને સમર્થન આપેલ ન હોય તેઓને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવામાં આવે છે.**

સાહેદની સહી.........................

એ વાત ખરી નથી કે ''ડીસા રૂરલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૧૯૫૦૧૯૨૪૦૦૨૬/૨૦૨૪ ઈ.પી.કો કલમ ૩૨૩,૬૭૬,૫૦૬।૨) મુજબના ગુનાના કામે આરોપીનું શરીર સ્થિતીનું પંચનામું તેમજ બનાવ વખતે પહેરેલ કપડાં રજુ કરતા હોઈ જેનું જોઈ તપાસી પંચનામું લખાવવાં સમજ કરતા અમો પંચો સ્વખુશીથી પંચમાં રહી જોઇ તપાસી પંચનામું લખાવીએ છીએ કે.

અત્રે વખતે આપ સાહેબ પાસે એક ઇસમ હાજર છે જેનું અમો પંચો રૂબરૂ નામ ઠામ પુછતા પોતે પોતાનું નામ જબ્બરસીહ બાબુસીં હ જાતે વાઘેલા (દરબાર) ઉ.વ.૪૦ ધંધો.ખેતી રહે.ઘાડા તા.ડીસા મો.નં.૭૦૪૬૧ ૯૬૫૧૫વાળો હોવાનું જણાવે છે જે સદરહુ આરોપી અમો પંચો રૂબરૂ સ્વેચ્છાએ બનાવ વખતે પહેરેલ કપડાં રજુ કરતાં હોઈ જે નીચેની વિગતે છે.

(૧) એક આચ્છા કાળા કલરનું અડધી બ ાંય નુ શર્ટ છે જે શટની ઉપર બટન પટ્ટી છે જેના ઉપર સાત જેટલા કાળા કલરના બટન છે તેમજ છાતીના ભાગે ડાબી બાજુ પોકેટ બીસુ આવેલ છે જેના ઉપર સફેદ બટન છે તેમજ શટની બન્ને બાયો ના છેડે પટ્ટી વાળેલ છે અને જમણી બાજુની બોય ઉપર 100% COTTON MADE IN INDIA લખેલ છે જેના ઉપર જોતાં ગુના ઉપયોગી કોઇ દેખિતા નોંધપાત્ર નિશાનો જણાતાં નથી જેની કિ.રૂ.00/00 ની ગણી જેને માર્ક :સી આપેલ છે.

(૨) એક આછા વાદળી કલરનું જીન્સનું પેન્ટ છે જેની કમરના ભાગે બેલ્ટ ભરાવવાના પાંચ નાકા આવેલ છે તેમજ WHITE DEVIL. લખેલ છે અને પેન્ટને બાંધવા માટે એક ધાતુનુ બટન આવેલ છે બન્ને બાજુ કોસ ખીસા આવેલ છે પેન્ટની પાછળની બાજુ બે ખીસા આવેલ છે જેના ઉપર જોતા ગુના ઉપયોગી કોઇ દેખિતા નોંધપાત્ર નિશાનો જણાતાં નથી જેની કિ.રૂ.૦૦/00 ની ગણી જેને માર્ક "સી-૧" આપેલ છે.

ઉપરોક્ત બંન્ને આર્ટિકલ(કપડા)ને આજસુધી બે-ત્રણ વખત ધોયેલ છે તેવું હાજર આરોપી ઇસમ જણાવે છે જેથી કબજે કરેલ કપડા અલગ અલગ કાપડની થેલીમાં મુકી શૈલીમાંએમાં પથી તથા આપ સાહેબની સહીવાળી કાપલી મુકી થેલીના મોઢીયા સોયદોરાથી શ્રીયા, જેના પર PI DEESA FRUPAL PSIN BK ના માકીનું લાખથી સીલ કરી તપાસ અર્થે કબજે કરેલ ને શિવાય બીજી કોઇ ચિજ વસ્તું કબજે કરેલ નથી. એ વાત ખરી નથી કે ઉપરોકત પંચનામુ મારી હાજરીમાં થયેલ હોવા છતા આરોપીને બચાવવા

સાહેદની સહી...........................

માટે સોગંધ પર ખોટી જુબાની આપુ છું.

**સરતપાસ પુરી..**

**આરોપી નં.૨ તર્ફે વિ.વ.શ્રી. કે.ડી.પઢીયાર ..**

(૨) એ વાત ખરી છે કે મે તૈયાર પંચનામામાં સહી કરેલી અને હું પંચનામાની વિગતે કશુ જાણથી નથી.

**આરોપી નં.૧ તર્ફે વિ.વ.શ્રી. ડી.એસ.પરમાર ..**

(૩) ઉપર મુજબની જુબાની એડોપ્ટ કરેલ છે.

**વિશેષ ઉલટતપાસ નથી..**

**ફેર ઉલટતપાસ નથી..**

**સાહેદ તથા વકીલશ્રીઓ ચાલુ જુબાનીએ પોતાની જુબાની મોનીટર ઉપર વાંચી શકે છે તેથી તેણે એપ્રુવ કરેલી જુબાનીની પ્રિન્ટ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ તરફથી આ અદાલતને તા.૨૪/૦૭/૨૦૧૯ના રોજ સુચના મળેલ છે કે દરેક જુબાનીઓમાં સાહેદની સહી લેવી તેથી સાહેદે લખ્યા મુજબ જુબાની આપ્યાની કબુલાત બદલ સહી કરેલ છે.**

.........................................

સાહેદની સહી

| | |
|---|---|
| મુ. ડીસા<br>તા. ૦૭/૦૪/૨૦૨૬ | મારી રૂબરૂ,<br><br>(કુ.એસ.એમ.કાનાબાર)<br>છઠ્ઠા એડી.સેસન્સ જજ, ડીસા |

સાહેદની સહી...........................